# ગુજરાતની ખનીજ સંપત્તિ

## • ફ્લોરોસ્પાર :

⏩ છોટાઉદેપુર જિલ્લાના આંબા ડુંગરમાં વિશ્વનો સૌથી વિશાળ જથ્થો રહેલો છે.

⏩ ઉત્પાદનની બાબતમાં ગુજરાત એશિયામાં પ્રથમ ક્રમે છે

⏩ ભરૂચ જિલ્લાના ઝઘડિયાના હિંગોરીયામાં પણ થોડો જથ્થો રહેલો છે.

⏩ આંબા ડુંગર નજીક કડીપાની ખાતે ફ્લોરસ્પારના શુદ્ધિકરણનુ કારખાનુ આવેલુ છે.

- **અકીક**

⏩ અકીકના ઉત્પાદનમાં ગુજરાત ભારતમાં પ્રથમ ક્રમે છે.

⏩ અકીક ભરૂચ, કચ્છ, પંચમહાલ,ભાવનગર,જૂનાગઢ, જિલ્લામાંથી મળે છે.

⏩ અકીકનું પોલિશ કામ ખંભાત અને જામનગરમાં થાય છે.

⏩ ખંભાતમાં અકીકની નમુનેદાર વસ્તુઓ બને છે.

- **ચૂનાના પથ્થર**

⏩ ગુજરાત ચૂનાના પથ્થરના ઉત્પાદનમાં અગ્રેસર છે.ગુજરાતના લગભગ મોટાભાગના જિલ્લામાંથી ચૂનાનો પથ્થર મળે છે.

⏩ પોરબંદર (રાણાવાવ, કુતિયાણા),જૂનાગઢ (માળિયા),ગીર સોમનાથ (તાલાળા,વેરાવળ,કોડીનાર),દેવભૂમિ દ્વારકા (મીઠાપુર,ઓખા) જામનગર (સિક્કા,લાલપુર) બનાસકાંઠા (દાંતા,ડીસા,વડગામ,ધાનેરા,પાલનપુર,અમીરગઢ) ,સાબરકાંઠા (ખેડબ્રહ્મા), અરવલ્લી (ભિલોડા),છોટા ઉદેપુર,કચ્છ ( ભુજ,નખત્રાણા, અબડાસા) વગેરે જિલ્લામાંથી અગત્યના જથ્થા મળે છે.

⏩ ભાવનગર,ભરૂચ,રાજકોટ,સુરત,પંચમહાલ, દાહોદ,સુરેન્દ્રનગર, નર્મદા વગેરેમાંથી પણ મળે છે.

## • બોક્સાઇટ

⏩. બોક્સાઇટના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે.

⏩ કચ્છ અને જામનગર જિલ્લામાં બોક્સાઇટનો મોટો જથ્થો રહેલો છે. ઉપરાંત જૂનાગઢ,અમરેલી,ભાવનગર,વલસાડ,ખેડા,સાબર કાંઠા, પંચમહાલમાંથી બોકસાઈટ મળી આવે છે.

## • ડોલોમાઇટ

⏩ ડોલોમાઇટ એક પ્રકારનો ચુનાનો પથ્થર છે. જેમાં મેગ્નેશિયમ કાર્બોનેટનુ પ્રમાણ વધારે હોય છે. જ્યારે લાઇમસ્ટોનમાં કેલ્શિયમ કાર્બોનેટનુ પ્રમાણ વધારે હોય છે.

⏩ ઉત્તમ પ્રકારનો ડોલોમાઇટ છોટાઉદેપુર જિલ્લામાં વિશાળ જથ્થામાં રહેલો છે.

⏩ અમરેલી,ભરૂચ, સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા માં પણ અનામત જથ્થો રહેલો છે.

# • ચિરોડી

⏩ ચિરોડીના ઉત્પાદનમાં ગુજરાત ભારતમાં રાજસ્થાન અને તમિલનાડુ પછી ત્રીજા ક્રમાંકે છે.

⏩ જામનગર જિલ્લો ચિરોડીના ઉત્પાદનમાં દેશમાં અગત્યનો જિલ્લો ગણાય છે.તેનુ સતાપર કેન્દ્ર સૌથી મહત્વનુ કેન્દ્ર છે.

⏩ કચ્છ,જૂનાગઢ,ગીર સોમનાથ,અમરેલીમાં પણ અનામત જથ્થો રહેલો છે.

- ## ચીનાઈ માટી

⏩ સાબરકાંઠા જિલ્લાનુ આરસોડિયા ક્ષેત્ર ભારતનુ સૌથી મોટુ ચિનાઈ માટીનું ક્ષેત્ર છે.

⏩ ઉત્પાદનની દષ્ટિએ ભારતમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

⏩. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા,મુળી,થાન,મહેસાણામાં કોટ,વીરપુર ચિનાઈ માટીના પ્રખ્યાત ક્ષેત્રો છે.

- ## અગ્નિજિત માટી (ફાયર ક્લે)

⏩ અગ્નિજિત માટીના ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.

⏩ આ માટી 1500° સે.જેટલુ તાપમાન સહી શકે છે.

⏩ ફાયર ક્લેનો અગત્યનો જથ્થો સુરેન્દ્રનગર, મોરબી,રાજકોટ જિલ્લામાં છે. ઉપરાંત અમરેલી,પંચમહાલ,સુરત,સાબરકાંઠા, કચ્છમાં જોવા મળે છે.

- ## કુંદી કરવાની માટી

⏩. ભાવનગર,કચ્છ, ભરૂચ, જિલ્લામાં જથ્થો રહેલો છે.

- ## પ્લાસ્ટિક કલે

⏩. ભાવનગર,કચ્છ,વલસાડ,રાજકોટ,સાબરકાંઠા, સુરત જિલ્લામાં અનામત જથ્થો રહેલો છે.

- # કેલ્સાઈટ

⏩. ઉત્પાદનની દષ્ટિએ રાજસ્થાન પછી ગુજરાત દ્વિતિય ક્રમે છે.

⏩. ભાવનગર,અમરેલી,જૂનાગઢ, સાબરકાંઠા, કચ્છ, સુરત, વડોદરા,પંચમહાલ, બનાસકાંઠા, જિલ્લામાંથી કેલ્સાઈટ મળે છે.

- # વેલેસ્ટોનાઈટ

⏩ આ ખનિજ દુનિયાના અમુક જ દેશોમાં રહેલુ છે.

⏩ ભારતમાં માત્ર રાજસ્થાનમાંથી જ મળતુ હતુ. પરંતુ હવે આ કીમતી ખનિજ બનાસકાંઠા જિલ્લામાં

પાલનપુર તાલુકાના  ઘોડા,ધનપુર,મોજી,જામરીયા ક્ષેત્રોમાંથી મળી આવ્યુ છે.

- **બેન્ટોનાઇટ**

⏩. કચ્છ અને ભાવનગર જિલ્લામાંથી મોટા પ્રમાણમાં મળે છે.

- **ગ્રેફાઈટ**

⏩. અગત્યનો જથ્થો પંચમહાલ (જાંબુઘોડા), દાહોદ (દેવગઢ બારીયા) અને છોટાઉદેપુર જિલ્લામાં રહેલો છે.

- **સીસુ જસત, તાંબુ**

⏩. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં જથ્થો રહેલો છે.

- **લિગ્નાઈટ**

⏩. કચ્છ, ભરૂચ, મહેસાણા, સુરેન્દ્રનગર, ભાવનગર, સુરત જિલ્લામાંથી લિગ્નાઈટ મળે છે.

⏩. કચ્છ  નુ પાન્ધ્રો ક્ષેત્ર સૌથી મહત્વનુ છે.

- **ખનિજતેલ અને કુદરતી વાયુ**

⏩. ગુજરાતમાં સૌપ્રથમ 1958માં લુણેજ (ખંભાત પાસે) માં સૌ પ્રથમ ખનિજતેલ અને કુદરતી વાયુ મળી આવ્યા હતા.

⏩. અંકલેશ્વર તેલ ક્ષેત્ર (ભરૂચ જિલ્લો) દેશમાં સૌથી અગત્યનું સ્થાન ધરાવે છે જે ગુજરાતનુ સૌથી મોટુ તેલ ક્ષેત્ર છે.ઉપરાંત ગાંધાર ક્ષેત્ર પણ ભરૂચ જિલ્લામાં આવેલું છે.

⏩ કલોલ (ગાંધીનગર), છત્રાલ ને પાનસર (મહેસાણા), ખંભાત (આણંદ), લુણેજ (ખેડા), ઓલપાડ અને માંગરોળ (સુરત) ઉપરાંત ખંભાતની ખાડીમાં ખનિજતેલ અને કુદરતી વાયુના ક્ષેત્રો રહેલા છે.

લી..

Ramesh Rathod

📱 7046218518


Gujrat Forest
Ramesh Rathod